AM/NS INDIA

# આર્સેલર મિત્તલ નિપ્પૉન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ

**કૉર્પોરેટ આઈડેન્ટિફિકેશન નંબરઃ** U27100GJ1976FLC013787
**નોંધણીકૃત કાર્યાલયઃ** એએમએનએસ હાઉસ, એએમએનએસ ટાઉનશિપ,
27 કિમી, સુરત હઝીરા રોડ, હઝીરા, સુરત 394270, ગુજરાત, ભારત
**ઈ-મેઈલઃ** pankaj.chourasia@amns.in

## ફોર્મ નં. સીએએ.2
### (કંપનીઝ ઍક્ટ, 2013 ની કલમ 230(3) અને કંપનીઝ (કૉમ્પ્રોમાઈઝીસ, અરેન્જમેંટ્સ અને અમાલ્ગમેશન્સ) રુલ્સ, 2016 અન્વયે માનનીય નૅશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેંચ સમક્ષ, અમદાવાદ ખાતે કંપની એપ્લિકેશન (સીએએ) નં. 64 ઑફ 2023

કંપનીઝ ઍક્ટ, 2013ની બાબતમાં; અને કંપનીઝ ઍક્ટ, 2013 તથા કંપનીઝ (કૉમ્પ્રોમાઈઝીસ, અરેન્જમેંટ્સ અને અમાલ્ગમેશન્સ) રુલ્સ, 2016 ની કલમ 66 સાથે વાંચતા કલમો 230 થી 232 તથા કંપનીઝ ઍક્ટ, 2013 ની અન્ય લાગુ જોગવાઈઓની બાબતમાં; અને એએમએનએસ ખોપોલી લિમિટેડ, આર્સેલરમિત્તલ નિપ્પૉન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ તથા તેનાં સંબંધિત શૅરધારકો વચ્ચે થયેલ સ્કીમ ઑફ અમાલ્ગમેશન ઍન્ડ અરેન્જમેંટની બાબતમાં.

આર્સેલરમિત્તલ નિપ્પૉન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ (સીઆઈએનઃ U27100GJ1976FLC013787)

કંપનીઝ ઍક્ટ, 1956 હેઠળ નોંધણીકૃત કંપની

જેનું નોંધણીકૃત કાર્યાલય એએમએનએસ હાઉસ, એએમએનએસ ટાઉનશિપ, 27મો કિમી., સુરત–હઝીરા રોડ, હઝીરા, સુરત–394 270, ગુજરાત, ભારત ખાતે આવેલ છે.

અરજદાર કંપની / અમાલ્ગમેટેડ કંપની / ટ્રાન્સફરી કંપની

આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે તારીખ 10 જાન્યુઆરી, 2024ના ઑર્ડર (**"ઑર્ડર"**) દ્વારા માનનીય નૅશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેંચે (**"ટ્રિબ્યુનલ" "અથવા" એનસીએલટી'**) આર્સેલરમિત્તલ નિપ્પૉન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડના શૅરધારકો અને અનસીક્યોર્ડ ક્રેડિટર્સની અલગ મીટિંગ્સ લેવા નિર્દેશ કર્યો છે જે એએમએનએસ ખોપોલી લિમિટેડ (**"એકીકરણ થતી કંપની/ટ્રાન્સફરર કંપની"**), આર્સેલરમિત્તલ નિપ્પૉન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ (**"એકીકૃત થયેલી કંપની/ટ્રાન્સફરી કંપની"**) અને તેનાં સંબંધિત શૅરધારકોની કંપનીઝ ઍક્ટ, 2013 (**"કાયદો"**) ની કલમ 66 અને અન્ય લાગુ જોગવાઈઓ સાથે વાંચતા કલમો 230–232 હેઠળ સ્કીમ ઑફ અમાલ્ગમેશન ઍન્ડ અરેન્જમેંટ (**"સ્કીમ"**)ની વિચારણા કરવા અને જો યોગ્ય લાગે તો સુધારા સાથે અથવા વગર મંજૂર કરવાના હેતુસર યોજવાની રહેશે

ઉપરોક્ત ઑર્ડર અને તેમાં કરાયેલ નિર્દેશ અનુસાર કાયદાની લાગુ જોગવાઈઓ તેમ જ તે અંતર્ગત જારી કરાયેલા પરિપત્રકો, વખતો વખત સુધારિત, ના અનુપાલન સાથે આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે ટ્રાન્સફરી કંપનીના શૅરધારકો અને અનસીક્યોર્ડ ક્રેડિટરોની અલગ મીટિંગો વીડિયો કૉન્ફરન્સિંગ/અન્ય ઑડિયો–વિઝ્યુઅલ માધ્યમો (**"વીસી/ઓએવીએમ"**) મારફત કૉર્પોરેટ અફેર્સ મંત્રાલય, ભારત સરકાર દ્વારા આલેખિત સંચાલનિય પ્રક્રિયાઓનું પાલન કરતા કંપનીઝ (મેનેજમેન્ટ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન) રુલ્સ, 2014, રુલ 20 અનુસાર નીચે જણાવેલ સમયપત્રક મુજબ યોજવામાં આવશે, જે દિવસે, તારીખ અને સમયે ટ્રાન્સફરી કંપનીના સૂચિત શૅરધારકો અને અનસીક્યોર્ડ ક્રેડિટરોને હાજર રહેવા વિનંતી છેઃ

| અનુ.નં. | મીટિંગની શ્રેણી | સમય (આઈએસટી) | મીટિંગની તારીખ |
|---|---|---|---|
| 1. | શૅરધારકો | સવારે 11.00 વાગ્યે | ગુરુવાર, 29 ફેબ્રુઆરી, 2024 |
| 2. | અનસીક્યોર્ડ ક્રેડિટર્સ | સવારે 11.30 વાગ્યે | ગુરુવાર, 29 ફેબ્રુઆરી, 2024 |

ટ્રાન્સફરી કંપની દ્વારા ઉપરોક્ત મીટિંગો દરમિયાન વીસી/ઓએવીએમ મારફત રિમૉટ ઈલેક્ટ્રૉનિક વોટિંગ (**"રિમૉટ ઈ-વોટિંગ"**) અને ઈ–વોટિંગની સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. ટ્રાન્સફરી કંપનીએ સેન્ટ્રલ ડિપૉઝિટરી સર્વિસીસ (**"ઈન્ડિયા"**) લિમિટેડ (**"સીડીએસએલ"**) ને મીટિંગો દરમિયાન રિમૉટ ઈ–વોટિંગ અને ઈ–વોટિંગની સુવિધા પૂરી પાડવા નિયુક્ત કરેલ છે, જેથી નોટિસમાં સામેલ ઠરાવ દ્વારા શૅરધારકો અને અનસીક્યોર્ડ ક્રેડિટરોને સ્કીમ પર વિચાર કરવા અને મંજૂર કરવા સક્ષમ બનાવી શકાય, તેમ જ શૅરધારકો અને અનસીક્યોર્ડ ક્રેડિટરોને વીસી/ઓએવીએમ મારફત મીટિંગોમાં હાજર રહેવા અને સહભાગી થવા સક્ષમ બનાવી શકાય. વીસી/ઓએવીએમ મારફત મીટિંગમાં સામેલ થવા, મીટિંગ શરૂ થતા પહેલા રિમૉટ ઈ–વોટિંગ મારફત વોટ આપવાની રીત અથવા મીટિંગ દરમિયાન ઈ–વોટિંગ મારફત વોટ આપવાની રીતની વિસ્તૃત સૂચનાઓ મીટિંગોની સૂચનાઓની નોંધમાં આપવામાં આવેલ છે. મીટિંગો માટેનું નિર્ધારિત સ્થળ ટ્રાન્સફરી કંપનીનું નોંધણીકૃત કાર્યાલય રહેશે.

ઉપરોક્ત મીટિંગોની સૂચના, તેને સંલગ્ન દસ્તાવેજો સહિત ટ્રાન્સફરી કંપનીના રેકૉર્ડસમાં રહેલી વિગતો પ્રમાણે નીચે જણાવ્યા મુજબ મોકલવામાં આવેલ છેઃ

ક. એવાં શૅરધારકોને જેમનું નામ 5 ઑક્ટોબર, 2023ના રોજ ટ્રાન્સફરી કંપનીના રેકૉર્ડસમાં જોવા મળે છે.
   i. 25 જાન્યુઆરી, 2024 ના રોજ શૅરધારકોને ઈ–મેઈલ મારફત; અને
   ii. 25 જાન્યુઆરી, 2024 ના રોજ શૅરધારકોને રજિસ્ટર્ડ પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટ અથવા હેન્ડ ડિલીવરી અથવા કુરિયર મારફત.

બ. અનસીક્યોર્ડ ક્રેડિટર્સને જેમનાં નામ 5 ઑક્ટોબર, 2023 ના રોજ ટ્રાન્સફરી કંપનીના રેકૉર્ડસમાં જોવા મળે છે.
   i. 25 જાન્યુઆરી, 2024 ના રોજ અનસીક્યોર્ડ ક્રેડિટર્સને ઈ–મેઈલ મારફત; અને
   ii. 25 જાન્યુઆરી, 2024 ના રોજ અનસીક્યોર્ડ ક્રેડિટર્સને રજિસ્ટર્ડ પોસ્ટ અથવા કુરિયર મારફત.

મીટિંગોની સૂચના અને સ્કીમની પ્રત કંપનીઝ (કોમ્પ્રોમાઈઝીસ, અરેન્જમેંટ્સ ઍન્ડ અમાલ્ગમેશન્સ) રુલ્સ, 2016 ના રુલ 6 તથા કાયદાની કલમ 102 અને અન્ય લાગુ જોગવાઈઓએ સાથે વાંચતા કલમો 230–232 હેઠળ એક્સપ્લેનેટરી સ્ટેટમેંટ સહિત ટ્રાન્સફરી કંપનીની વેબસાઈટ www.amns.in પરથી અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com. પરથી સંબંધિત વ્યક્તિઓ દ્વારા મેળવી/ડાઉનલોડ પણ કરી શકાય છે. આ દસ્તાવેજો શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાયના દરેક દિવસે ટ્રાન્સફરી કંપનીના નોંધણીકૃત કાર્યાલય પરથી સવારે 11.00 અને બપોરે 1.00 વાગ્યા દરમિયાન મીટિંગની તારીખો સુધી વિના મૂલ્યે પણ મેળવી શકાય છે.

ઈ–વોટિંગ (રિમૉટ ઈ–વોટિંગ સહિત) માટે કટ–ઑફ તારીખ અને ઉપરોક્ત મીટિંગોના રિમૉટ ઈ–વોટિંગ માટે સમય સીમા નીચે મુજબ છેઃ

| વિગતો | શૅરધારકોની મીટિંગ | અનસીક્યોર્ડ ક્રેડિટર્સની મીટિંગ |
|---|---|---|
| કટ–ઑફ તારીખ | 5 ઑક્ટોબર, 2023 | 5 ઑક્ટોબર, 2023 |
| રિમૉટ ઈ–વોટિંગ શરૂ થવાની તારીખ અને સમય | 26 ફેબ્રુઆરી, 2024, સવારે 9 વાગ્યે | 26 ફેબ્રુઆરી, 2024, સવારે 9 વાગ્યે |
| રિમૉટ ઈ–વોટિંગ પૂર્ણ થવાની તારીખ અને સમય | 28 ફેબ્રુઆરી, 2024, સાંજે 5 વાગ્યે | 28 ફેબ્રુઆરી, 2024, સાંજે 5 વાગ્યે |

રિમૉટ ઈ–વોટિંગ મારફત વોટ આપવાની સુવિધા ઉપર જણાવ્યા મુજબ મીટિંગો પૂર્ણ થવાના સમય પછી નિષ્ક્રિય કરી દેવામાં આવશે. જો મીટિંગો યોજવા માટે નક્કી કરાયેલા સમયથી અડધા કલાકની અંદર સંબંધિત મીટિંગો માટે જરૂરી કોરમ ઉપસ્થિત ન હોય તો સંબંધિત મીટિંગો આવતા અઠવાડિયે એ જ દિવસ માટે એ જ સમયે વીસી/ઓએવીએમની એ જ પ્રક્રિયા મારફત મુલતવી રહેશે.

રિમૉટ ઈ–વોટિંગ અપનાવતા શૅરધારકો/અનસીક્યોર્ડ ક્રેડિટરો જ મીટિંગોમાં હાજર રહેવા અને સહભાગી થવા પાત્ર રહેશે પરંતુ મીટિંગો દરમિયાન તેઓ ફરીથી વોટ કરવા પાત્ર નહીં રહે.

શૅરધારકો/અનસીક્યોર્ડ ક્રેડિટર્સ જેમણે પોતાનાં ઈ–મેઈલ એડ્રેસ નથી નોંધાવ્યા તો આવાં શૅરધારકો/અનસીક્યોર્ડ ક્રેડિટર્સને તે નોંધાવવા 15 ફેબ્રુઆરી, 2024ના રોજ બપોરે 2 વાગ્યા સુધીમાં અથવા તે પહેલા શ્રી પંકજ એસ. ચૌરસિયાને pankaj.chourasia@amns.in પર ઈ–મેઈલ મોકલીને ટ્રાન્સફરી કંપનીનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે. ઈ–મેઈલ સફળતાપૂર્વક નોંધાવ્યા પછી સૂચનાની સૉફ્ટ કૉપી અને મીટિંગમાં હાજર રહેવા તેમ જ રિમૉટ ઈ–વોટિંગ અને મીટિંગ દરમિયાન ઈ–વોટિંગ માટે લૉગિન વિગતો સંબંધિત શૅરધારક/અનસીક્યોર્ડ ક્રેડિટરના નોંધણીકૃત ઈ–મેઈલ એડ્રેસ પર મોકલવામાં આવશે.

માત્ર એ શૅરધારકો જેમનું નામ 5 ઑક્ટોબર, 2023ના રોજ ટ્રાન્સફરી કંપનીના રેકૉર્ડસમાં નોંધાયેલું છે તેઓ જ રિમૉટ ઈ–વોટિંગ / ઈ–વોટિંગની સુવિધાનો લાભ લેવા અને શૅરધારકોની મીટિંગમાં હાજર રહેવા પાત્ર રહેશે. શૅરધારકોના વોટિંગ અધિકારો 5 ઑક્ટોબર, 2023ના રોજ ટ્રાન્સફરી કંપનીની પેઈડ–અપ શૅર કૅપિટલમાં તેમના હોલ્ડિંગના અનુપાત મુજબ રહેશે.

માત્ર એ જ અનસીક્યોર્ડ ક્રેડિટર્સ જેમનાં નામો 5 ઑક્ટોબર, 2023 ના રોજ ટ્રાન્સફરી કંપનીના રેકૉર્ડમાં નોંધાયેલા છે તેઓ જ રિમૉટ ઈ–વોટિંગ/ઈ–વોટિંગ સુવિધાનો લાભ લેવા અને અનસીક્યોર્ડ ક્રેડિટર્સની મીટિંગમાં હાજર રહેવા પાત્ર રહેશે. અનસીક્યોર્ડ ક્રેડિટર્સના વોટિંગ અધિકારો 5 ઑક્ટોબર, 2023ના રોજ ટ્રાન્સફરી કંપનીના અનસીક્યોર્ડ ક્રેડિટર્સને બાકી નીકળતા મૂલ્ય/પાકતી રકમના અનુપાતમાં રહેશે.

5 ઑક્ટોબર, 2023ના રોજ શૅરધારક/અનસીક્યોર્ડ ક્રેડિટર ન હોય એવી વ્યક્તિ/મંડળ એ આ નોટિસને માત્ર જાણકારીના હેતુસર લેવાની રહેશે અને તેઓ મીટિંગોમાં વોટ આપવા અને/અથવા સહભાગી થવા પાત્ર નહીં રહે.

આ મીટિંગો વીસી/ઓએવીએમ મારફત યોજવાની હોવાથી પ્રોક્સિસની નિમણૂકની સુવિધા મીટિંગો માટે ઉપલબ્ધ નહીં રહે. જો કે, બૉડી કૉર્પોરેટ કે જે શૅરધારક અથવા અનસીક્યોર્ડ ક્રેડિટર હોય તે રિમૉટ ઈ–વોટિંગ, ઈ–વોટિંગ મારફત વોટ આપવા, અને મીટિંગોમાં સહભાગી થવા અધિકૃત પ્રતિનિધિની નિમણૂક કરવા હકદાર રહે છે અને આવા બૉડી કૉર્પોરેટ્સે મીટિંગોના નિર્ધારિત સમયથી મોડામાં મોડું 48 કલાક પહેલા સંબંધિત ઠરાવ/ઑથોરિટી લેટરની સ્કૅન કરેલી પ્રમાણિત પ્રત (પીડીએફ ફાઈલ) તેમનાં નોંધણીકૃત ઈ–મેઈલ એડ્રેસ પરથી સ્ક્રૂટિનાઈઝરને kkhadaria@gmail.com પર મોકલવાની રહેશે અને તેની એક પ્રત ટ્રાન્સફરી કંપનીને તેના ઈ–મેઈલ એડ્રેસ pankaj.chourasia@amns.in પર મોકલવાની રહેશે.

માનનીય ટ્રિબ્યુનલ દ્વારા શ્રી જીત બી. કારિયા, ઈન્ડિપેન્ડંટ પાર્ટિસિપેટિંગ એડવોકેટની અને તેમની ગેરહાજરીમાં, શ્રી રવિ પહવા, ઈન્ડિપેન્ડંટ પાર્ટિસિપેટિંગ એડવોકેટની મીટિંગોના ચૅરપર્સન તરીકે અને તેમાં કોઈ કાર્ય મોકુફી કરવા સહિત માટે નિમણૂક કરવામાં આવી છે. વધુમાં, માનનીય ટ્રિબ્યુનલ દ્વારા કુ. કોમલ ખડારિયા, પાર્ટિસિપેટિંગ કંપની સેક્રેટરીની અને તેમની ગેરહાજરીમાં શ્રી રોનક અગરવાલ, પાર્ટિસિપેટિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટની મીટિંગો માટેનાં સ્ક્રૂટિનાઈઝર તરીકે અને તેમાં કોઈ કાર્ય મોકુફી કરવા સહિત માટે નિમણૂક કરવામાં આવી છે. જો મીટિંગો દ્વારા યોજના મંજૂર કરવામાં આવે તો તે તત્પશ્ચાત માનનીય ખંડપીઠની મંજૂરીને આધીન રહેશે.

મીટિંગોના પરિણામો મીટિંગોના ચૅરપર્સન દ્વારા સ્ક્રૂટિનાઈઝરનો રિપૉર્ટ મળતા જ મીટિંગોના નિષ્કર્ષથી ત્રણ (3) કાર્યકારી દિવસોની અંદર જાહેર કરવામાં આવશે, અને તે ટ્રાન્સફરી કંપનીની વેબસાઈટ www.amns.in તથા સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર દર્શાવવામાં આવશે.

જો તમે મીટિંગોમાં હાજર રહેવા અને સીડીએસએલ ઈ–વોટિંગ સિસ્ટમ માંથી ઈ–વોટિંગ/રિમૉટ ઈ–વોટિંગ સંબંધે કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ ધરાવતા હો તો તમે helpdesk.evoting@cdslindia.com પર ઈ–મેઈલ લખી શકો છો અથવા ટોલ ફ્રી નંબર 1800 22 55 33 પર સંપર્ક કરી શકો છો.

સહી/–

**જીત બી. કારિયા,**
મીટિંગો માટેના માનનીય ટ્રિબ્યુનલ દ્વારા નિયુક્ત
કરાયેલ ચૅરપર્સન

તારીખઃ 26 જાન્યુઆરી, 2024
સ્થળઃ અમદાવાદ

SMARTER
STEELS
BRIGHTER
FUTURES